# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ શિક્ષણની નવી ક્ષિતિજ

**ગૌરાંગ આર. પટેલ**
રીસર્ચ સ્કોલર, ગુજરાત યુનિવર્સીટીઅમદાવાદ
મો: 9429600622 E–Mail: gaurangpatel903@gmail.com

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ બાદ આશરે ૩૪ વર્ષ બાદ દેશની કેન્દ્રીય કેબિનેટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ ને મંજૂરી આપવામાં આવી. આ નવી શિક્ષણ નીતિમાં દેશ ના શિક્ષણ ક્ષેત્રે અમુલ પરિવર્તન કરવામાં આવ્યા આ નવી શિક્ષણ નીતિમાં શિક્ષણ માળખું ૫+૩+૩+૪ પ્રમાણે રચવામાં આવશે. શાળા શિક્ષણ કક્ષાએ ચોઈસ આધારિત ક્રેડિટ સિસ્ટમ દ્વારા અભ્યાસ કરવાની તક પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને પાંચમા ધોરણ સુધી પાયાનું શિક્ષણ માતૃભાષામાં જ આપવામાં આવશે. વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયના જ્ઞાન પર વધુ ભાર મુકવામાં આવશે. દેશની શૈક્ષણિક સંસ્થાઓમાં સંશોધન ક્ષમતા વિકસાવવા માટે રાષ્ટ્રીય સંશોધન સંસ્થાની સ્થાપના કરવામાં આવશે. ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ માટે બહુ પ્રવેશ અને બહુ નિકાસ (મલ્ટી એન્ટ્રી મલ્ટી એક્ઝિટ) ની સુવિધા આપવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ, ડિપ્લોમા, અને ડિગ્રી સર્ટિફિકેટ અભ્યાસ કર્યાના વર્ષ મુજબ આપવામાં આવશે. શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓમાં ચાર વર્ષનો એકીકૃત બેચલર ઓફ એજ્યુકેશન પ્રોગ્રામ સ્નાતક  સ્તરની સાથે ચાલુ કરવામાં આવશે. ઉચ્ચ શિક્ષણમાં જાહેર અને ખાનગી સંસ્થાઓના માપદંડ માટે હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયા ની સ્થાપના કરવામાં આવશે. જેથી ઉચ્ચ શિક્ષણમાં દેશની મેડિકલ સિવાયની તમામ સંસ્થાઓનું નિયમન એક જ સંસ્થા દ્વારા કરવામાં આવશે. આ રીતે નવી શિક્ષણનીતિમાં શિક્ષણ ક્ષેત્રે મોટા પ્રમાણમાં ફેરફાર કરી દેશની શિક્ષણપ્રણાલીને ધરમૂળથી ફેરફાર કરવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

**પારિભાષિક શબ્દો** : પ્રીપેટરી, વ્યાવસાયિક શિક્ષણ,હાયર એજ્યુકેશન કમીશન ઓફ ઈન્ડિયા.

ભારતને સ્વતંત્રતા મળી તે પહેલાં અને ત્યાર પછી શિક્ષણને સુદઢ પાયા પર મૂકવા માટેના અને શિક્ષણની ગુણવત્તા ઉચી લાવવા માટેના સન્નિષ્ઠ પ્રયાસરૂપે ઘણા શિક્ષણપંચોની નિમણૂક કરવામાં આવી હતી. પ્રત્યેક પંચે તેમના મંતવ્ય અને ફિલસૂફી પ્રમાણે ભારતની શિક્ષણ નીતિની નવો ઓપ આપવાના પ્રયત્નો કર્યા. છેલ્લે ૧૯૮૬ માં તત્કાલીન વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીના પ્રયત્નથી ભારતને ઝડપી પ્રગતિના પંથે લઇ જવા માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૧૯૮૬ ઘડવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. વર્ષ ૨૦૧૬ માં ઈસરો, બેંગલુરુના ભૂતપૂર્વ અધ્યક્ષ કે.કસ્તુરીરંગનના અધ્યક્ષપણા હેઠળ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ની સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ દ્વારા નવી

શિક્ષણ નીતિનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. આ ડ્રાફ્ટ પર દેશના લોકો કેળવણીકારો, વાલીઓ અને શિક્ષણ નિષ્ણાંતો પાસેથી સૂચનો મેળવવામાં આવ્યા હતા. આ સૂચનો ઉપર સમિતિ દ્વારા વિચારવિમર્શ કરી ડ્રાફ્ટમાં સુધારા કરી દેશની કેન્દ્રીય કેબિનેટને આ ડ્રાફ્ટ સુપરત કરવામાં આવ્યો હતો અને અંતે કેન્દ્રીય કેબિનેટે વર્ષ ૨૦૨૦ માં તેને મંજૂરી આપી દેશને નવી શિક્ષણનીતિ– ૨૦૨૦ પ્રાપ્ત થઇ છે.

**સંશોધન પદ્ધતિ :**

આ સંશોધનપત્રમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ ના વિચારો રજૂ કરવા માટે સંશોધકે વિષયવસ્તુ વિશ્લેષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. આ પદ્ધતિમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ અંગેનાં જુદા જુદા સામાયિકો, ન્યુઝપેપરનાં લેખ અને વેબસાઈટનો અભ્યાસ કરી વિચારો રજૂ કરવામાં આવ્યા છે.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ ના ઉદ્દેશ્ય :**

- ૩ થી ૬ વર્ષની વયના દરેક બાળકને ૨૦૨૫ સુધીમાં મફત, સલામત, ઉચ્ચ ગુણવત્તાયુક્ત યોગ્ય સંભાળ અને શિક્ષણ મેળવી શકે.
- વર્ષ ૨૦૩૦ સુધી ૩ થી ૧૮ વર્ષની વય જૂથના તમામ બાળકો માટે મફત અને ફરજિયાત ગુણવત્તાપૂર્ણ શાળા શિક્ષણ પ્રવેશ અને ભાગીદારી મેળવી શકે.
- વર્ષ ૨૦૨૨ સુધીમાં અભ્યાસક્રમ અને અધ્યાપનને ગોખણપટીયુ શિક્ષણ ઘટાડવા માટે અને તેના બદલે રચનાત્મક,વૈજ્ઞાનિક અભિગમ સમસ્યાનું નિરાકરણ અને ડિજિટલ સાક્ષરતા જેવા ૨૧મી સદીના કૌશલ્યને પ્રોત્સાહિત કરવા.
- શાળાકીય શિક્ષણના તમામ સ્તરે બધા વિદ્યાર્થીઓને ઉચ્ચ લાયકાતવાળા વ્યવસાયિક રીતે પ્રશિક્ષિત અને સજ્જ શિક્ષકો દ્વારા શીખવવામાં આવે.
- શાળાશિક્ષણ પ્રણાલી અસરકારક નિયમન અને શૈક્ષણિક પરિણામો સતત સુધારવા માટે ગુણવત્તા અને નવીનતા ને પ્રોત્સાહન આપવામાં આવે.
- શિક્ષક પ્રશિક્ષણ કોલેજો અને યુનિવર્સિટીઓમાં ચાર વર્ષના સંકલિત બેચલર ડિગ્રી પ્રોગ્રામ તૈયાર કરી શાળાના શિક્ષકો માટે લઘુતમ લાયકાત નક્કી કરવામાં આવે.
- દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ આયોગની સ્થાપના કરી ભારતીય શિક્ષણ પ્રણાલીને પ્રેરણાદાયી નેતૃત્વ પૂરું પાડવુ.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ લાક્ષણિકતાઓ :**

(૧) શિક્ષણનું માળખું :

ફાઉન્ડેશન તબક્કો – (૩ થી ૮ વર્ષ) ૩ વર્ષ આંગણવાડી + પ્રીસ્કુલ + ધોરણ–૧ અને ૨

પ્રીપેટરી તબક્કો – (૮થી ૧૧ વર્ષ) ધોરણ ૩ થી ૫

સેકન્ડરી તબક્કો – (૧૪ થી ૧૮ વર્ષ) ધોરણ ૯ થી ૧૦ અને ધોરણ ૧૧ થી ૧૨

(૨) શિક્ષણનું માધ્યમ :

નવી શિક્ષણનીતિમાં ધોરણ પાંચ સુધી માતૃભાષાના માધ્યમથી જ અભ્યાસ કરવામાં આવશે જેનો શાળાઓ ધોરણ આઠ સુધી અમલ કરી શકશે. પ્રીપેટરી સ્કુલ લેવલથી સંસ્કૃત વિષય શીખવવામા આવશે અને સેકન્ડરી સ્કુલ લેવલથી વિદ્યાર્થીઓને વિદેશી ભાષાઓનો અભ્યાસ કરવામાં આવશે.

(૩) શાળા શિક્ષણ :

શાળા શિક્ષણમાં સેકન્ડરી તબક્કે ધોરણ ૧૧ અને ૧૨માં શિક્ષણના જુદા જુદા પ્રવાહો જેવા કે આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ ની સાથે સાથે મલ્ટી ઓપ્શનની સુવિધા મળશે એટલે કે સાયન્સના વિષયો સાથે કોમર્સ કે આર્ટ્સના મનગમતા વિષયનો અભ્યાસ કરી શકશે, તેવી જ રીતે કોમર્સ ના વિષય સાથે આર્ટસ અને સાયન્સના મનગમતા વિષયો લઈ અભ્યાસ કરી શકશે.

(૪) ઉચ્ચ શિક્ષણ :

ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને બહુ પ્રવેશ બહુ નિકાસ (મલ્ટી એન્ટી મલ્ટી એકઝીટ) ની સુવિધા આપવામાં આવશે સ્નાતક સ્તરમાં એક વર્ષનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને વોકેશનલ પ્રોફેશનલ સર્ટિફિકેટ આપવામાં આવશે. બે વર્ષનો અભ્યાસ પૂર્ણ કરનાર ને ડિપ્લોમા સર્ટિફિકેટ આપવામાં આવશે. જ્યારે ૩ અને ૪ વર્ષનો અભ્યાસ પૂર્ણ કરનારને બેચલર(સ્નાતક) ડીગ્રી આપવામાં આવશે. દેશમાં હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવશે, જેમાં દેશની મેડિકલ સિવાયની તમામ સંસ્થાઓને એક જ નિયમનકારી સંસ્થા નીચે સમાવી લઇ તેનું નિયમન કરવામાં આવશે.

(૫) શિક્ષણ પ્રશિક્ષણ :

શિક્ષક બનવા માટે ૪ વર્ષનો એકીકૃત બેચલર ઓફ એજ્યુકેશન પ્રોગ્રામ સ્નાતક સ્તર ની સાથે ચાલુ કરવામાં આવશે. જેમાં વિષયવસ્તુની સાથે અધ્યયન અધ્યાપન કૌશલ્ય પણ શીખવવામાં આવશે. શાળામાં શિક્ષકોની ભરતીમાં શૈક્ષણિક લાયકાત,ઈન્ટરવ્યૂ અને શિક્ષણ પ્રદર્શન દ્વારા ભરતી કરવામાં આવશે.

(૬) રાષ્ટ્રીય સંશોધન સંસ્થાન :

દેશમાં શૈક્ષણિક સંસ્થાઓમાં સંશોધન ક્ષમતા વિકસાવવા તથા સંશોધકો, સરકાર અને ઉદ્યોગો વચ્ચે લાભદાયક જોડાણો સુનિશ્ચિત કરવા માટે આ સંસ્થાન દ્વારા દેશમાં સંશોધન અને નવીનીકરણમાં ખૂબ જ ઝડપી પરિવર્તન આવશે.

(૭) વ્યવસાયિક શિક્ષણ :

નવી શિક્ષણનીતિમાં મીડલ અને સેકન્ડરી લેવલ તબક્કામાં વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષણ આપવામાં આવશે વિદ્યાર્થીઓને પોતાના રસ અને રૂચિ અનુસાર જુદા જુદા ,કુંભારીકામ,સુથારીકામ,બાગાયત ,સોફ્ટવેર ડેવલપમેન્ટ ,વ્યવસાયો જેવા કે કૃષિ શિક્ષણ ,આર્ટડિઝાઇનગ્લાસ ડિઝાઇનવર્ક વગેરે જેવા વ્યવસાય ને લગતું શિક્ષણ ઈન્ટર્નશિપ

કાર્યક્રમ દ્વારા શીખવવામાં આવશે.

**તારણો:**

- શિક્ષણનું માળખું ૫+૩+૩+૪ પ્રમાણે રચવામાં આવશે.
- રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાની સમીક્ષા કરી પ્રાદેશીક ભાષામાં અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવામાં આવશે.
- વિદ્યાર્થીઓને ચોઇસ આધારિત ક્રેડીટ સિસ્ટમમાં સુધારો કરી અભ્યાસ કરાવવામાં આવશે.
- નવી શિક્ષણનીતિનો હેતુ વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ટકા યુવાન અને પુખ્તને સાક્ષરતા પ્રાપ્ત કરવાનો છે.
- નવી શિક્ષણનીતિનો હેતુ વર્ષ ૨૦૨૫ સુધીમાં ઓછામાં ઓછા ૫૦ ટકા વિદ્યાથીઓને વ્યવસાયિક શિક્ષણ આપવામાં આવશે.
- દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ આયોગની સ્થાપના કરવામાં આવશે.
- દેશમાં સંશોધનક્ષેત્રે નવીનતા પ્રાપ્ત કરવા માટે રાષ્ટ્રીય સંશોધન સંસ્થાની સ્થાપના કરવામાં આવશે.
- ત્રિભાષી સુત્રનો સમગ્ર દેશમાં અમલીકરણ કરવામાં આવશે.
- ઉચ્ચ શિક્ષણમાં જાહેર અને ખાનગી સંસ્થાના સમાન માપદંડ અને નિયમન માટે હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઇન્ડીયા ની સ્થાપના કરવામાં આવશે.

**સંદર્ભ :**


- www.**mhrd.gov.in**
- **www.sandeshepaper.in**
- **www.epaper.divyabhashkar.co.in**
- Patel R. S. (2011). **Fundamental concept of Research ( Research Handbook)** Ahmedabad ; Jay Publication
- શાહ, દીપિકા બી, (૨૦૦૫), **શૈક્ષણિક સંશોધન** , અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.



**સુરત અને આસપાસના જિલ્લાના ગ્રાહકો નીચેના સરનામે લવાજમ જમા કરવી શકશે અથવા સંપર્ક કરી શકે છે.**

**Dr. Sanjaybhai G. Patel (Dungrani)**

**Mr. Niraj K Sutaria (Mo. 88667 47217)**

**BRILLIANT VIDYALAY**

Bhumipooja Society, Near Govindjee Hall, dabholi Road, Surat-4

Ph. 0261-2520014 Email:- buschoolsurat@gmail.com